ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ અંક : ૬ * * * સંવત ૨૦૮૨ આસો સુદ આઠમ, સોમવાર ૧૯ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

આ જાણીતા અભિનેતાને સલમાન ખાન સાથે સંબંધો રાખવા બદલ લાંબા સમયથી ધમકીઓ મળી રહી હતી

ટાઈગર શ્રોફ પર બિશ્નોઈ ગેંગ દ્વારા ગોળીબાર

મુંબઇના જુહુ વિસ્તારમાં અજાણ્યા હુમલાખોરે શ્રોફ પર ગોળીબાર કર્યો

ગોળીબારમાં ટાઇગરને ઇજા નહીં પણ તેના કાર ડ્રાઇવર અને એક ઓટો ડ્રાઇવરને ઇજા થઇ

હુમલાની જવાબદારી બિશ્નોઇ ગેંગે સ્વીકારી હોવાના બિનસત્તાવાર અહેવાલ, મુંબઇ પોલીસે તપાસ માટે ૧૫ ટીમો રચી

મુંબઈ, તા. 18 : જાણીતા બોલિવૂડ અભિનેતા ટાઈગર શ્રોફ પર રવિવારે સાંજે મુંબઈના જુહુ વિસ્તારમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. અભિનેતા આ ગોળીબારમાં બચી ગયા હતા અને તેમને કોઈ ઈજા થઈ નથી, એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું કે આ ઘટનામાં તેમનો કાર ડ્રાઈવર અને એક ઓટોરિક્ષાનો અન્ય ડ્રાઈવર ઈજાગ્રસ્ત થયા છે અને આ ઘટનાની વિવિધ ખૂણાઓથી તપાસ કરવા માટે ૧૫ ટીમોની રચના કરવામાં આવી છે. એક અધિકારીએ જણાવ્યું

...અનુસંધાન પાના 2 પર

હુમલાની જવાબદારી સ્વીકારતો વીડિયો ફરતો થયો

એક વાયરલ સોશિયલ મીડિયા પોસ્ટ અનુસાર, લોરેન્સ બિશ્નોઈ ગેંગે આ હુમલાની જવાબદારી સ્વીકારી છે, પરંતુ પોલીસ હજુ સુધી તેની સત્યતા ચકાસી શકી નથી. જવાબદારી સ્વીકારતો એક વીડિયો ફરતો થયો છે. વીડિયોમાં બિશ્નોઇ ગેંગ સાથે કથિત રીતે સંડોવાયેલો એક શખ્સ હુમલાની જવાબદારી ગેંગ વતી સ્વીકારતો જણાય છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું, "મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસના સમર્પિત જવાનો સહિત કુલ ૧૫ ટીમોની રચના કરવામાં આવી છે જેથી આ કેસની તમામ ખૂણાઓથી તપાસ કરી શકાય અને ગુનેગારોને શોધી કાઢવામાં આવે."

ટાઇગર શ્રોફ બ્લેક બેલ્ટ ધારક છે

૨ માર્ચ ૧૯૯૦ના રોજ જન્મેલા જય હેમંત શ્રોફ, ઉર્ફે ટાઇગર શ્રોફ, બોલિવૂડના અગ્રણી એક્શન સ્ટાર્સ અને માર્શલ આર્ટિસ્ટ્સમાંના એક છે, જેમની પાસે તાઈકોન્ડોમાં પમી ડિગ્રીની બ્લેક બેલ્ટ છે. તેઓ અભિનેતા જેકી શ્રોફના પુત્ર છે. તેઓએ ૨૦૧૪માં 'હીરોપંતી' ફિલ્મથી ડેબ્યૂ કર્યું હતું અને 'બાગી', 'બાગી ૨' અને વાયઆરએફ સ્પાય યુનિવર્સની હિટ ફિલ્મ 'વોર' જેવા બ્લોકબસ્ટર્સ સાથે એક્શન હીરો તરીકે પોતાનું સ્થાન મજબૂત કર્યું હતું.

...અનુસંધાન પાના 2 પર

ગ્વાલિયરમાં શ્રદ્ધાળુઓ પર ટ્રક ફરી વળતા 15નાં મોત

શીતળા માતાના મંદિરે નવરાત્રિની પૂજા માટે હજારો લોકો ભેગા થયા હતા ત્યારે દુર્ઘટના બની, 25થી વધુ ઘાયલ

ભાગી છૂટેલો ટ્રક ડ્રાઇવર બાદમાં પકડાઇ ગયો, બ્રેક ફેઇલ થઇ હોવાની શંકા

બનાવ અંગે મેજીસ્ટ્રેટ તપાસનો આદેશ, આઠ પોલીસ કર્મચારીઓ સસ્પેન્ડ

ગ્વાલિયર/ભોપાળ, તા. 18 (PTI): મધ્ય પ્રદેશના ગ્વાલિયર જિલ્લામાં રવિવારે વહેલી સવારે એક મંદિર બહાર શ્રદ્ધાળુઓની ભીડમાં ઝડપથી આવતી ટ્રક ઘૂસી જતાં ઘણા કિશોરો સહિત ૧૫ લોકોના મોત થયા છે અને ૨૫થી વધુ લોકો ઘાયલ થયા છે.

પોલીસ અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, પંજાબ રજિસ્ટ્રેશન નંબર ધરાવતી ચોખા ભરેલી આ ટ્રક રાત્રે આશરે ૧:૩૦ વાગ્યે ચીનાર રોડ પરના 'નો-એન્ટ્રી' ઝોનમાં ઘૂસી ગઇ હતી. ટ્રક અચાનક વાવાઝોડાની જેમ આવી હતી અને દર્શનની રાહ જોઈ રહેલા શ્રદ્ધાળુઓ તથા રસ્તા કિનારે આવેલી દુકાનો સાથે અથડાઈને ૧૨૫ વર્ષ જૂના શીતળા માતા મંદિરના પ્રવેશદ્વાર સાથે ભટકાઈ ગઈ હતી. અધિકારીઓએ જણાવ્યું કે ટક્કર એટલી જોરદાર હતી કે મંદિરની દીવાલનો એક ભાગ ધરાશાયી થઈ ગયો હતો, જેના કાટમાળ નીચે ઘણા લોકો દબાઈ ગયા હતા. ટ્રક ડ્રાઇવર ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો, પરંતુ પોલીસે શોધખોળ કરીને પાછળથી તેની ધરપકડ કરી લીધી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ જાનહાની પર દુઃખ વ્યક્ત કરતા શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

સરકારી નિવેદન અનુસાર, વડાપ્રધાન મોદીએ આ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો અને 'પ્રાઇમ મિનિસ્ટર્સ નેશનલ રિલીફ ફંડ'માંથી મૃતકોના સ્વજનોને ૨-૨ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી હતી. મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે મૃતકોના પરિવારજનોને ૪ લાખ રૂપિયા, ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને ૨ લાખ રૂપિયા અને અન્ય ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે ગંભીર ઘાયલોની સારવારનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. આ મંદિર ગ્વાલિયર શહેરની બહાર આવેલું છે અને નવરાત્રિની પૂજા માટે ત્યાં હજારો લોકો ભેગા થયા હતા. મુખ્યમંત્રી યાદવે આ ઘટનાની મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપ્યા છે અને નવ પોલીસ કર્મચારીઓ સામે કાર્યવાહી કરી છે. તેમણે ગ્વાલિયરના સિટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ(CSP)ને હટાવવાનો તથા ત્રણ સ્ટેશન હાઉસ ઓફિસર (SHO), એક ટ્રાફિક ઇન્સ્પેક્ટર, એક હેડ કોન્સ્ટેબલ અને ત્રણ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવાનો નિર્દેશ આપ્યો છે.

પાકિસ્તાને ભારતીય વિમાનો પરની એરસ્પેસબંધી 24 નવેમ્બર સુધી લંબાવી

ઇસ્લામાબાદ, તા. 18 (PTI): પાકિસ્તાને એરપોર્ટ્સ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, ભારતીય રજિસ્ટર્ડ વિમાનો તથા ભારતીય એરલાઇન્સ દ્વારા માલિકી ધરાવતા, સંચાલિત કે લીઝ પર લીધેલા વિમાનો પરની પોતાની એરસ્પેસબંધી વધુ એક મહિના માટે એટલે કે 24 નવેમ્બર સુધી લંબાવી છે. બંને પાડોશી દેશો વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો વચ્ચે આ પ્રતિબંધ, જે શરૂઆતમાં 23 એપ્રિલ 2025ના રોજ લાદવામાં આવ્યો હતો, ત્યારથી સમયાંતરે લંબાવવામાં આવી રહ્યો છે. પાકિસ્તાન એરપોર્ટ્સ ઓથોરિટી (પીએએ) એ શનિવારે 'એક્સ' પર એક પોસ્ટમાં આ લંબાવવાની જાહેરાત કરી હતી, જેમાં જણાવ્યું હતું કે, આ પ્રતિબંધમાં લશ્કરી ઉડાનો પણ સામેલ છે. સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, આ નવી મુદત 24 નવેમ્બર 2026ના રોજ સવારે 4:59 વાગ્યા (સ્થાનિક સમય) સુધી અમલમાં રહેશે. જિયો ન્યૂઝના અહેવાલ મુજબ, પીએએના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, પ્રતિબંધ લંબાવવા માટે એક નવું નોટિસ ટુ એરમેન (નોટામ) જારી કરવામાં આવ્યું છે. પાકિસ્તાન સિવિલ એવિએશન ઓથોરિટી

...અનુસંધાન પાના 2 પર

કેનેડાના આલ્બર્ટા લશ્કરી થાણામાં મોટી આગ : અનેકનાં મોત

સંખ્યાબંધ લોકો ઇજાગ્રસ્ત: સ્થાનિક હોસ્પિટલો ઉભરાતાં અન્ય શહેરોની હોસ્પિટલોમાં ઇજાગ્રસ્તોને લઇ જવાયા

લશ્કરી મથકમાં ઘાતક બનાવ પછી આગ લાગ્યાનું જણાવાયું, પણ વિગતો જાહેર ન થઇ

એડમોન્ટન (કેનેડા), 18 (AP): કેનેડાના સંરક્ષણ પ્રધાને શનિવારે જણાવ્યું હતું કે આલ્બર્ટામાં એક લશ્કરી બેઝ પર બનેલી ઘટના અને તેના કારણે લાગેલી ભીષણ આગમાં કેટલાક લોકોનાં મોત થયા છે અને ઈજાગ્રસ્ત થયા છે. આ સાથે જ અહેવાલોમાં જણાવવામાં આવ્યું હતું કે મોટી સંખ્યામાં ઈજાગ્રસ્તોને હોસ્પિટલોમાં ખસેડવામાં આવી રહ્યા છે. મોડેથી મળેલા અહેવાલ મુજબ ચાર સૈનિકોનાં મોત થયા છે.

તેજ પવનોએ કેનેડિયન ફોર્સીસ બેઝ વેનરાઈટથી આગળ વધીને આસપાસના ગ્રામીણ વિસ્તારો સુધી જ્વાળાઓ ફેલાવી દીધી હતી, જેના કારણે ફાયર બ્રિગેડની ટીમો મોડી રાત સુધી જહેમત ઉઠાવતી રહી હતી. કેટલા લોકોનાં મોત થયા કે ઈજાગ્રસ્ત થયા તે હજુ સુધી સ્પષ્ટ

...અનુસંધાન પાના 2 પર

દેશમાં ચાલુ વર્ષે ખાંડ આધારિત ઈથેનોલ પર પ્રતિબંધ

ઇથેનોલ માટે મકાઇની ખરીદી સંબંધે પણ ખેડૂતો માટે પ્રોત્સાહનની રકમ ઘટાડવામાં આવી

નવી દિલ્હી, તા. 18 (PTI): સરકારી તેલ માર્કેટિંગ કંપનીઓએ પેટ્રોલવાળા મિશ્રણ માટે ૨૦૨૬-૨૭ના પુરવઠા વર્ષના તેમના તાજેતરના ખરીદી ટેન્ડરમાંથી શેરડીના રસ, ખાંડની સીરપ અને B-હેવી મોલાસીસમાંથી બનાવવામાં આવતા ઇથેનોલ પર પ્રતિબંધ મૂક્યો છે. સરકાર સ્થાનિક સ્તરે ખાંડના પુરવઠાનું રક્ષણ કરવાની સાથે દેશવ્યાપી પેટ્રોલ-બ્લેન્ડિંગ પ્રોગ્રામને ચાલુ રાખવા માંગે છે.

ઓઇલ માર્કેટિંગ કંપનીઓ વતી ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ(BPCL) દ્વારા ૧૬ ઓક્ટોબરે બહાર પાડવામાં આવેલા આ ટેન્ડરમાં નવેમ્બરથી શરૂ થતા પુરવઠા વર્ષ માટે પેટ્રોલમાં ૨૦ ટકા ઇથેનોલ ભેળવવાની જરૂરિયાત પૂરી કરવા માટે આશરે ૧૧ અબજ લિટર ઇથેનોલ માટે બોલીઓ મંગાવવામાં આવી છે. તેમાં મકાઈ આધારિત ઇથેનોલ માટેના પ્રોત્સાહનને પણ ઘટાડવામાં આવ્યું છે, જેનાથી ખરીદ કિંમત લિટર દીઠ રૂ. ૭૧.૮૬ થી ઘટીને રૂ. ૬૮.૮૬ થઈ ગઈ છે. ટેન્ડર દસ્તાવેજમાં જણાવવામાં આવ્યું છે કે, ભારત સરકારે નિર્દેશો આપ્યા છે કે ઇથેનોલ સપ્લાય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઇથેનોલ માટે ખાંડનું ડાયવર્ઝ ઘટાડીને શૂન્ય કરવામાં આવે. દસ્તાવેજમાં વધુમાં ઉમેરવામાં આવ્યું છે કે, આ જથ્થાની બોલી વાળા ટેન્ડરમાં શેરડીના રસ, ખાંડ કે ખાંડની સીરપ અને B-હેવી મોલાસીસમાંથી ઉત્પાદિત ઇથેનોલ માટે કોઈ ઓફર મંગાવવામાં આવી નથી. દસ્તાવેજ અનુસાર, ટેન્ડરમાં મકાઈ, તૂટેલા ચોખા, ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા(FCI) દ્વારા ખરીદવામાં આવેલા વધારાના ચોખા અને C-હેવી મોલાસીસમાંથી ઉત્પાદિત ઇથેનોલ માટે બોલી લગાવવાની મંજૂરી આપવામાં આવી છે. મકાઈ પરનું પ્રોત્સાહન લિટર દીઠ રૂ. ૫.૭૯ થી ઘટાડીને રૂ. ૨.૭૯ કરવાથી અનાજમાંથી ઇથેનોલ

...અનુસંધાન પાના 2 પર

એચ-1બી વિઝાધારકો માટે ગિરમિટિયા શબ્દપ્રયોગનો વાન્સે બચાવ કર્યો

વોશિંગ્ટન, તા. 18 (PTI) : અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ જે. ડી. વાન્સે સ્વીકાર્યું છે કે જ્યારે તેમણે H-1B વીઝા ધરાવતા વિદેશી વ્યાવસાયિકો માટે 'ગિરમિટિયા' શબ્દનો ઉપયોગ કર્યો હતો, ત્યારે તેમની ભાષા 'ત્રુટિપૂર્ણ' હતી.

તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેમનો કહેવાનો ભાવાર્થ અમેરીકન કંપનીઓ અને વીઝા વ્યવસ્થા તરફ હતો, નહીં કે H-1B વીઝા ધારકો પ્રત્યે. ભારતે વિદેશી વ્યાવસાયિકો માટે વપરાયેલી ભાષા સામે ભારે વાંધો ઉઠાવ્યો હતો અને આ શબ્દપ્રયોગને 'અત્યંત વાંધાજનક' ગણાવ્યો હતો. ભારતે જણાવ્યું હતું કે આ શબ્દ દર્દનાક ઐતિહાસિક અને

...અનુસંધાન પાના 2 પર

પાકિસ્તાને 200 વર્ષ જૂનું હિંદુ મંદિર તોડી પાડવાના પ્રયાસ બાદ તેને સીલ કર્યું

આ મંદિરને સાંસ્કૃતિક વારસાની મિલકત તરીકે ઓળખવામાં આવ્યું છે

પેશાવર, તા. 18 (PTI). કમર્શિયલ પ્લાઝા બનાવવા માટે ઐતિહાસિક માળખાને તોડી પાડવાના પ્રયાસ બાદ હિંદુ સમુદાયના સભ્યો અને નાગરિક સમાજના કાર્યકરો દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનને પગલે પાકિસ્તાનમાં અધિકારીઓએ લગભગ 200 વર્ષ જૂના હિંદુ મંદિરને સીલ કરી દીધું છે.

પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના ડેરા ઈસ્માઈલ ખાન જિલ્લામાં આવેલું 'રામ લીલા મંદિર' શનિવારે સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા સત્તાવાર કસ્ટડીમાં લેવામાં આવ્યું હતું અને ત્યાર બાદ ઇવેક્યુઈ ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડ (ઈટીપીબી) દ્વારા તેને સીલ કરવામાં આવ્યું હતું. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ડેરા ઈસ્માઈલ ખાન શહેરના હૃદયસમા રહીમ બજારમાં આવેલી જગ્યા પર ડિમોલિશન કામ રોકવા માટે આ અઠવાડિયાની શરૂઆતમાં સ્થાનિક રહાશોએ હસ્તક્ષેપ કર્યા બાદ આ પગલું ભરવામાં આવ્યું છે.

...અનુસંધાન પાના 2 પર

વૈશ્વિક નાણાકીય નેતૃત્વના પાકિસ્તાનના દાવાને IMFના માજી ડિરેક્ટરે ફગાવ્યો

74 વર્ષ પછી પાકિસ્તાનને IMFની અધ્યક્ષતા મળી રહી છે તે બાબતને પાકિસ્તાને 'ઐતિહાસિક સીમાચિન્હરૂપ' ગણાવી હતી

નવી દિલ્હી, તા. 18 (PTI): આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષમાં ભારતના ભૂતપૂર્વ કાર્યકારી નિર્દેશક કૃષ્ણમૂર્તિ વી. સુબ્રમણ્યને રવિવારે વૈશ્વિક નાણાકીય નેતૃત્વમાં પાછા ફરવાના 'ઐતિહાસિક સીમાચિહ્ન' તરીકેના પાકિસ્તાનના દાવાને ફગાવી દીધો છે. તેમણે સ્પષ્ટતા કરી છે કે IMF અને વર્લ્ડ બેંક બોર્ડ ઓફ ગવર્નર્સના અધ્યક્ષ પદ સંપૂર્ણપણે ઔપચારિક છે

...અનુસંધાન પાના 2 પર

હવામાન

તા. ૧૮-૧૦-૨૦૨૬નું સુરત શહેરનું

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો 0.0 મીમી	મોસમનો ૧૯૮૩ મીમી
ઉકાઈ	સપાટી આજની ૩૩૫.૦૯ ફૂટ	આઉટફ્લો ૬૪૧૮ ક્યુસેક
તાપમાન	મહત્તમ ૩૭.૭ સે.	લઘુત્તમ ૨૫.૯ સે. / ભેજ ૫૦%

પંજાબના સંગરૂરમાં કારે 8 શ્રમિકોને કચડી માર્યા

ઘાયલ 12 શ્રમિકોમાંથી કેટલાકની હાલત ગંભીર

ચંદીગઢ: તા. 18: પંજાબના સંગરૂર જિલ્લામાં લેહરાગાગા-જાખલ રોડ પર રવિવારે એક પૂરપાટ ઝડપે આવતી કારે ૮ શ્રમિકોને કચડી નાખ્યા હતા અને અન્ય ૧૨ લોકો ઘાયલ થયા છે. તેમ પોલીસે જણાવ્યું હતું. આ દુર્ઘટના અલીશેર ગામ નજીક બની હતી, જ્યાં વિકસિત ભારત ગેરંટી રોજગાર અને આજીવિકા મિશન ગ્રામીણ (વીબી-જી રામ જી) હેઠળ નોંધાયેલા 20થી વધુ શ્રમિકોનું જૂથ કામ કરી રહ્યું હતું.(જેમાં મોટા ભાગની મહિલાઓ હતી) તેમાંથી કેટલાક શ્રમિકો રોડની કિનારે બેઠા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, જાખલ તરફથી આવી રહેલી પૂરપાટ ઝડપે અને બેદરકારીથી હંકારીને કારના ચાલકે શ્રમિકોના સમૂહને કચડી નાખ્યું હતું. સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ પાલવિંદર સિંહે જણાવ્યું હતું કે, અકસ્માત સર્જ્યા બાદ કારચાલક પોતાનું વાહન છોડીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. અન્ય એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે 5 શ્રમિકોનાં ઘટનાસ્થળે જ

...અનુસંધાન પાના 2 પર

તમામ નાશવંત ચીજોનું પરિવહન યોગ્ય તાપમાને કરવા FSSAIનો આદેશ

નવી દિલ્હી, તા. 18 (PTI): ખાદ્ય નિયમનકાર FSSAI(ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા)એ જનસ્વાસ્થ્યની સુરક્ષા માટે ખાદ્ય વ્યવસાય ઓપરેટર્સ(FBOs)ને સમગ્ર સપ્લાય ચેઈન દરમિયાન બગડી જાય વસ્તુઓનું નિયંત્રિત તાપમાનની સ્થિતિમાં પરિવહન કરવા કહ્યું છે.

FSSAIએ રાજ્યના ખાદ્ય સુરક્ષા અધિકારીઓને પણ કડક નજર રાખવા અને જો નિયમો અને નિયમનોનું પાલન ન થાય તો કાર્યવાહી કરવા જણાવ્યું છે. રવિવારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, FSSAI એ જણાવ્યું હતું કે તેણે "ખોયા, પનીર, માંસ અને માછલી જેવી નાશવંત ખાદ્ય ચીજવસ્તુઓની સમગ્ર સપ્લાય ચેઈન દરમિયાન નિયંત્રિત તાપમાનની સ્થિતિમાં

...અનુસંધાન પાના 2 પર